R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA

Since 1925...

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

સળંગ વર્ષ ૧૦૦મું

VOLUME : 04 • ISSUE : 12 • PAGES : 28 • MUMBAI • DATE : 20TH APRIL 2024

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-



With Best Compliments from:

MICROFINISH

Pumps • Valves • Automation




6D 0301

0045

SIL 3 IEC 61508

ATEX 94/9/EC

## MICROFINISH VALVES PVT. LTD.

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

તંત્રી સ્થાનેથી

# પ્રકાશ સમીક્ષાના શતાબ્દી વર્ષની ઉજવણી



- CA હીરાચંદ દંડ, Mob.: 77385 08150

પ્રકાશ સમીક્ષા આ વર્ષે ૧૦૦ વર્ષની ઉજવણી કરી રહ્યું છે. આ અવસર પર, પ્રકાશ સમીક્ષા માટે નવો લોગો બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે અને આ માટે અમે સમગ્ર જ્ઞાતિને સામેલ કરવા ઈચ્છીએ છીએ. કૃપા કરીને પ્રકાશ સમિતિના ૧૦૦ વર્ષની ઉજવણી માટે નવો લોગો બનાવો અને અમને સમજ્ઞાકિસકતવડલળકશહ.ભજ્ઞળ પર ઈમેઈલ કરો. પસંદ કરેલા લોગોનો ઉપયોગ આ વર્ષ દરમિયાન મુખ્ય લોગો સાથે પ્રકાશ સમીક્ષાના પહેલા પૃષ્ઠ પર કરવામાં આવશે અને તેનો ઉપયોગ ૧૦૦ વર્ષની ઉજવણીના તમામ કાર્યક્રમોમાં પણ કરવામાં આવશે. શતાબ્દી વર્ષ ઉજવણી સમિતિ દ્વારા લોગોની પસંદગી કરવામાં આવશે અને વિજેતાને રૂા. ૫૦૦૦/-નું ઇનામ આપવામાં આવશે.

તેવી જ રીતે અમને આ ઉજવણી માટે ત્રણ શબ્દોની ટેગ લાઇનની જરૂર છે અને શતાબ્દી વર્ષ ઉજવણી સમિતિ દ્વારા વિજેતાને રૂા. ૫૦૦૦/-નું ઇનામ આપવામાં આવશે. સહભાગી થવા ઇચ્છતા વાચકોએ સમજ્ઞાકિસકતવડલળકશહ.ભજ્ઞળ ઉપર ટેગ લાઇન ઈમેલ કરવા વિનંતી છે.

માત્ર ક.દ.ઓ. જ્ઞાતિના સભ્યો જ આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે. વિજેતાઓના નામ પ્રકાશિત કરવામાં આવશે અને તેમને સન્માનિત કરવામાં આવશે. કૃપા કરીને અમને ૧૫મી મે સુધીમાં લોગો તથા ટેગલાઇન ઈમેઈલ કરવા વિનંતી.

૧૦૦ વર્ષની ઉજવણી મુંબઈમાં કરશું અને અન્ય સ્થળોએ જ્યાં શક્ય હશે ત્યાં કરવામાં આવશે. આ પ્રસંગે સમગ્ર જ્ઞાતિને સામેલ કરવાનો વિચાર છે. મને એ જાહેર કરતાં આનંદ થાય છે કે શ્રી હરીશભાઈ નરશી ધરમશી-સુથરી-મુલુંડ (HD Fire Protect Pvt. Ltd.) આ ઉજવણીના મુખ્ય પ્રાયોજક બનવા માટે સંમત થયા છે. શ્રી હરીશભાઇનો ખૂબ ખૂબ આભાર.

આ ઉપરાંત અમારા વાચકો પણ ઉત્સાહિત છે અને તેમાંથી કેટલાકે તેમનું યોગદાન પહેલાથી જ જાહેર કરી દીધું છે. આપને પણ પ્રકાશ સમીક્ષાના શતાબ્દી વર્ષની ઉજવણીમાં આપનું યોગદાન આપવા નિવેદન છે.

આપણા દેશની સંસદની ચૂંટણી એપ્રિલ અને મેમાં યોજાશે. પ્રકાશ સમીક્ષાના તમામ વાચકોને વિનંતી છે કે તેઓ યોગ્ય ઉમેદવારોને પોતાનો મત આપીને તેમની મતદાન શક્તિનો ઉપયોગ કરે. આ ચૂંટણીમાં પ્રથમ વખત મતદાન કરનારા યુવાન મતદારો પહેલેથી જ ઉત્સાહિત છે અને શ્રી અશોક દામજી ડાઘા, કોઈમ્બતુર - વરાડિયા પ્રથમ વખત મતદાન કરનારા યુવાન મતદારોને વિનામૂલ્યે ટી શર્ટ આપીને પ્રોત્સાહિત કરી રહ્યા છે. શ્રી અશોકભાઈ દ્વારા આ અદ્ભૂત પહેલ છે. તેમને અભિનંદન.

છેલ્લા બે મહિનાથી અમે અતિથિ સંપાદકોને આમંત્રિત કરવાનું શરૂ કર્યું છે. પ્ર.સ.નો માર્ચનો એક અંક શ્રીમતી શિલ્પાબેન અજાણી અને એપ્રિલનો એક અંક શ્રીમતી અલ્પાબેન ધરમશી દ્વારા અતિથિ સંપાદકો તરીકે સંપાદિત કરવામાં આવ્યો હતો. પ્ર.સ.નો મે મહિનાનો એક અંક અતિથિ સંપાદક એડ. કેતન મધુકાંત લોડાયા-કોઠારા (ગાંધીધામ) દ્વારા સંપાદિત કરવામાં આવશે. હું બધા વાચકોને વિનંતી કરૂં છું કે અમારા આ પ્રયાસ વિશે પ્રતિભાવ આપીને પોતાનો મત વ્યક્ત કરે.

માર્ચ મહિનાથી પ્ર.સ.એ એક મોટું પગલું ભર્યું છે. દર મહિને અમે સંપાદકીય ટીમ સિવાય અન્ય કોઈને પ્ર.સ. સંપાદિત કરવા અને તેના/તેમના વિચારો વાચકો સાથે શેર કરવા માટે આમંત્રિત કરીશું. આવી વ્યક્તિને લેખો સંપાદિત કરવા, તંત્રીલેખ લખવા અને અમને જરૂરી ફેરફારો સૂચવવા માટે સંપાદક જેવી સંપૂર્ણ સ્વતંત્રતા હશે. તૈયાર રહો અને મો.નં. ૭૭૩૮૫ ૦૮૧૫૦ ઉપર સંપાદકને તમારી ઈચ્છા જણાવો.

લોકશાહીના પર્વ સમાન આગામી ચૂંટણીમાં અવશ્ય મતદાન કરી જાગૃત નાગરિકની ફરજ બજાવવા સૌને આગ્રહભરી વિનંતી.

**આદ્યતંત્રીઓ**

**"પ્રકાશ"**

ડૉ. વેલજી પાશ્વીર ગોસર

**"સમીક્ષા"**

સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા

**"પ્રકાશ સમીક્ષા"**

સનત્ શાહ

રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**

CA હીરાચંદ દામજી દંડ

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**

પ્રમુખ : CA હીરાચંદ દામજી દંડ

કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**

| | |
|---|---|
| કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા | કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા |
| કેશરસિંહ આણંદજી ખોના | શૈલેશ સનત્ શાહ |
| તિલકચંદ કુંવરજી લોડાયા | કિરીટ ખેતસી શાહ |
| ઉદયન લાલજી લોડાયા | જયંત વિશનજી છેડા |


## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.


**વૉલ્યુમ : ૦૪, અંક : ૧૨, તા. ૨૦-૦૪-૨૦૨૪**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**

A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**

હેમાંગ લાલજી શાહ

મો.: 99206 46846

E-mail : **kdoprakash@gmail.com**


**વિશેષ નોંધ :** પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **– તંત્રી**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

### જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક એકાઉન્ટની વિગત નીચે મુજબની છે.

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

### પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

### 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.



# કચ્છ દર્શન





લેખક : સોમ ધરમશીં
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

ભાગ : ૧૯



સ્વ. કાંતિસેન શ્રોફ

## લેખકની નોંધ

(વી.આર.ટી.આઈ.એ કચ્છનાં આર્થિક, સામાજિક, શૈક્ષણિક અને ખેતીવાડી ક્ષેત્રોમાં કરેલ પ્રયાસોથી આશરે ૫૦ વર્ષ પૂર્વે રોપેલા બીજ આજે વટવૃક્ષ બની કચ્છની કાયા પલટ કરવામાં મહત્ત્વનો ભાગ ભજવેલ છે.

આ સંસ્થાની કામગીરીથી હું માર્ચ-૨૦૦૩થી અવગત છું, અને કંઈક અંશે સંકળાયેલો છું. આ લેખ દ્વારા વાચકોને આ સંસ્થાનો પરિચય કરાવી મારી કૃતજ્ઞતા વ્યક્ત કરવા ઈચ્છું છું.

વર્ષ ૨૦૦૩માં ૫૯ વર્ષની ઉંમરે હું નોકરીમાંથી નિવૃત્ત થયો ત્યારે શ્રી અતુલ શ્રોફ (મારા ડાયરેક્ટર - ટ્રાન્સપેક ઈન્ડસ્ટ્રીઝ લી. પાદરા-વડોદરા)એ મને એક પ્રશ્ન પુછેલ. નિવૃત્ત થયા બાદ શું કરીશ ???

મારો જવાબ હતો કચ્છમાં ઠરીઠામ થઈશ. જિંદગીમાં બહુ દોડ્યો, હવે નિરાંત કરીશ.

શ્રી અતુલભાઈ : પ્રવૃત્તિમાં પરોવાઈશ નહીં તો નિષ્ક્રીય બનીશ. જિંદગી હજી ઘણી લાંબી છે. હું તને મારા કાકાશ્રી કાંતિસેન પર ભલામણનો કાગળ આપું છું તેમની મુલાકાત લે અને સક્રિય બનજે...

કાકાશ્રીની મુલાકાત સૃજન નામની સંસ્થામાં લીધી, તેમને માર્કેટીંગના ક્ષેત્રના માણસની જરૂરત હતી અને મને કોઈ અનુભવ હતો નહીં. તેથી મેં ''વિચાર કરીને જણાવીશ'' કહી ત્યાંથી ભાગી છુટ્યો.

ત્યારબાદ વિરાયતનનાં સાધ્વીશ્રી શિલાપીજી સાથે મુલાકાત થઈ અને તેમણે મને આહ્‌વાન કર્યું કે, ''તમે તો કચ્છનાં છો. તમારા જેવા અનુભવી માણસની અમને જરૂરત છે. અમે છેક બિહારથી કચ્છમાં સેવાનો યજ્ઞ માંડ્યો છે તો અમારી સાથે જોડાઈ જાવ. અમે તમારી સાર-સંભાળ લેશું.

૧લી એપ્રિલ,૨૦૦૩થી વિરાયતનમાં જોડાઈ ઓક્ટોબર,૨૦૧૨ સુધી ત્યાં અનુભવનાં ભાથામાં અભિવૃદ્ધિ કરી. એ સંસ્થાના અનુભવનાં સંસ્મરણો મમળાવા જેવા છે તેથી કેટલાક આપણા ક.દ.ઓ. જ્ઞાતિજનો કચ્છમાં વસવાટ કરવા અચકાય છે તેમને પ્રોત્સાહન મળે, પણ ફરી ક્યારેક... અત્યારે તો વી.આર.ટી.આઈ.-માંડવીનાં બારણે આવ્યા છીએ અને અહીંના સંપર્ક અધિકારી, મારા મિત્ર શ્રી ગોરધન પટેલ (કવિ) આપણને આ સંસ્થાથી માહિતગાર કરવા ઉત્સુક છે.)



ગોરધનભાઈ પટેલ
''કવિભાઈ''

કચ્છ જિલ્લો ગુજરાત રાજ્યનો એક અલૌકિક પ્રદેશ છે. જુના જમાનામાં અહીં ખેતીવાડીમાં સારું ઉત્પાદન થતું અને અહીંના સિંધુ ચોખા કે લાલ ચોખા વહાણો ભરી ભરી લખપત કે માંડવી બંદરથી દેશ પરદેશ જતા.

દિનાંક ૧૬ જુન ૧૮૧૯નાં સાંજે ૬.૪૫ કલાકે ૭.૯ રીક્ટસ્કેલનો અતિ વિનાશક ભુકંપ આવ્યો જેણે કચ્છનાં નકશામાંથી સિંધુ નદીનું વહેણ ગાયબ કરી અલ્લાહબંધ નામે એક ઉંચો બંધ બાંધી દિધો.

અલ્લાહબંધ પાસે ધરતીકંપના કારણે જમીન ઉંચકાઈ ગઈ અને સિંધુ નદીનો પ્રવાહ કચ્છમાં આવતો અટકી ગયો ત્યારથી કચ્છ ખેતીવાડી ક્ષેત્ર વેરાન બનવા લાગ્યો.

આ વાત મુળ કચ્છનાં પણ મુંબઈમાં એક્સેલ ઈન્ડસ્ટ્રીઝનાં સ્વ. શ્રી ચાપરાજભાઈ અને સ્વ. શ્રી કાંતિસેન શ્રોફને ખટકી.

૧૯૫૬નાં અંજારના ધરતીકંપ પછી શ્રીમતી ચંદાબેન શ્રોફ અને શ્રી કાંતિસેન શ્રોફ લોકોને રાહત આપવા તેમજ વિસ્થાપીત થયેલ લોકોને આર્થિક-સામાજીક ક્ષેત્રે ફરીથી પુનઃવસવાટ કરવા આગળ આવ્યા અને ''સૃજન'' સંસ્થાના પગરણ મંડાણા.

શ્રોફ દંપતી પછી ''અઠે દ્વારકા'' કરી કચ્છમાં વસી ગયા અને જીવનનાં છેલ્લા શ્વાસો સુધી કચ્છમાં કાર્યરત રહ્યા. પૂ.

કાકાને ૯૫ વર્ષની ઉંમરે મેં કામ કરતા જોયા છે.

અમારી પાસે સમય ઓછો હોવાથી શ્રી ગોરધનભાઈએ વી.આર.ટી.આઈ ના ઈન્ફર્મેશન સેન્ટરમાં લઈ ગયા અને દસ્તાવેજી ફિલ્મ દ્વારા કચ્છમાં ખેતીવાડીનો વિકાસ, ટપક પદ્ધતિનું આગમન, ગોબર ગેસ ચુલાની વ્યવસ્થા, સજીવ ખેતી જુદા જુદા ગામોમાં બહેનોની સહકારી સંસ્થાઓ જેઓ રોજબરોજની જીવન ઉપયોગી વસ્તુઓનું ઉત્પાદન કરે, તેમજ ઘરે બેસી શીવણ-ગુંથણ કરી વસ્ત્રોનું નિર્માણ કરે, ઈત્યાદિ ઈત્યાદિ વી.આર.ટી.આઈ.ની પ્રવૃત્તિઓથી માહિતગાર કર્યા.

વી.આર.ટી.આઈ.નાં પ્રણેતા સ્વપ્નદ્રષ્ટા શ્રી કાકા એક કલાનિષ્ઠ સમાજ સેવક, કૃષિ વૈજ્ઞાનિક, ઉદ્યોગપતી, પર્યારણવાદી અને દાતા એમ એક બહુઆયામી પ્રતિભા ધરાવતા સમાજલક્ષી મુલ્યનિષ્ઠ માનવ હતા. જળ સંચય અને જળ વ્યવસ્થાપન, વૉટર હાર્વેસ્ટીંગ અને વૉટર મેનેજમેન્ટના સરળ પ્રયોગો કરવાનું વ્યક્તિત્વ ધરાવતા હતા. કૃષિને ઉદ્યોગનો દરજો આપી ખેતીનો વિકાસ થાય તે માટે અનેક પ્રોજેક્ટ દ્વારા કચ્છમાં રીતસર કૃષિ ક્ષેત્રે ચળવળ ચલાવી અને એટલે જ તેમને ઘણી સંસ્થાઓએ ''કૃષિઋષિ''નું બિરૂદ પણ આપ્યું છે.

કચ્છમાં ''કાકા''ના હુલામણા નામથી જીવી ગયેલ આ આત્માએ દિનાંક ૧૩/૦૫/૨૦૨૧ના ૯૮ વર્ષની ઉંમરે છેલ્લા શ્વાસ લીધા.




કચ્છ ભલે ભૌગોલિક રચનાના કારણે પછાત પ્રદેશ રહ્યો, પણ આ ધીંગી ધરાનું ધાવણ પીનારા ઈતિહાસના પાના પર સુર્વણ અંકિત થયા છે. પછી તે રાજાઓ, લેખકો, કવિઓ, કર્તવ્યનિષ્ઠ સમાજ સેવકો, જુદા-જુદા ક્ષેત્રોના નિષ્ણાંતો હોય. નામ લેવા બેસું તો છાબડીમાં માય નહીં ને લેખ લખવા બેસું તો વર્ષોના વર્ષ લાગે.

**''વી.આર.ટી.આઈ.ની પ્રવૃત્તિઓની ફોટો ઝલક''**



**સાડીઓમાં ઘરે બેસી પેચ વર્ક કરતી બહેનો**



**કચ્છના પર્યાવરણને સમતોલ કરવા વૃક્ષારોપણ કરી રહેલ શાળાના બાળકો**

આવતા અંકમાં :-

(૧) સ્વ. પૂ. ચંદાકાકીશ્રીનું સામાજિક ક્ષેત્રે કચ્છમાં તર્પણ.

(૨) કચ્છને વિકાસની વાટે ચડાવનાર સુકા મલકનો લીલો માનવી - શ્રી તુલસીભાઈ ગજરાનો પરિચય.

(૩) સવાયો કચ્છી અને વિવેકગ્રામ માસિકના સહતંત્રી તેમજ કચ્છના વિકાસના જુદા-જુદા ક્ષેત્રો પર નિષ્ણાંતો પાસેથી પુસ્તક લખાવી પ્રકાશિત કરનાર શ્રી ગોરધન પટેલ 'કવિ' સાથેના સંસ્મરણો...

કવિશ્રી દુલેરાય કારાણીની એક સાખીથી આ લેખને અલ્પ વિરામ આપું છું...

**''કચ્છડો વંકો, કચ્છી વંકા**
**જેંજે સારે જગમેં ડંકા,**
**વંકી કચ્છ વતનજી વાણી,**
**હી પાંજે કચ્છડેજો પાણી...''**

(વધુ આવતાં અંકે...)

# મળવા જેવા માણસ...

## શ્રી ચાંપશી માણેકજી કેશવજી લોડાયા-સાંધવ (ઘાટકોપર) સી.એમ.



શ્રી ચાંપશી માણેકજી કેશવજી લોડાયા-સાંધવ (ઘાટકોપર), સી.એમ. શાહ લોખંડવાલા અથવા સી.એમ. તરીકે પ્રખ્યાત છે. એમનો જન્મ કચ્છમાં શ્રીમતી મણિબેન માણેકજી લોડાયાને ઘરે થયો હતો. તેઓ કોઠારામાં ૭મા ધોરણ સુધી ભણ્યા અને પછીથી મુંબઈ આવ્યા અને વીરજી લધાભાઈ વિદ્યાર્થીગૃહમાં ૪ વર્ષ રહીને ૧૧મા ધોરણ સુધી અભ્યાસ કર્યો. અભ્યાસ પછી તેમણે તેમના કાકા સ્વર્ગસ્થ શ્રી પદમશી જેઠાભાઈની મદદથી નોકરી શરૂ કરી. તેઓ લોખંડ બજારમાં પી. વિઠ્ઠલદાસની ઓફિસમાં જોડાયા. યુવાન સી.એમ.ની આ કારકિર્દીની શરૂઆત હતી. તેમની પાસે રહેવા માટે કોઈ ઘર નહોતું અને તેથી તે બે-ત્રણ વર્ષ સુધી કર્નાક બંદરમાં આવેલા લતીફ હાઉસમાં કોઈકની ઓફિસમાં સૂતા હતા અને સર્વોદય ખાનાવલીમાં જમતા હતા (પહેલાના દિવસોમાં આ તે જગ્યા હતી જ્યાં બહારથી આવતા યુવાનો વાજબી દરે જમતા હતા.) તેમણે તેમની આજની સ્થિતિ સુધી પહોંચવા માટે ઘણો સંઘર્ષ કર્યો છે. મેં સી.એમ.ને વિદ્યાર્થીગૃહ માટે કામ કરતા જોયા છે અને હું હંમેશા તેમની કામ કરવાની રીત અને નિર્ણય લેવાની શક્તિ, વાટાઘાટો કરવાની શક્તિ અને ઘણી બધી ક્ષમતાઓથી પ્રભાવિત રહ્યો છું.

૧૬મી માર્ચ ૨૦૨૪ ના રોજ મને કેડીઓ ક્લાસિક ટીમ સાથે નાસિક ખાતેની તેમની ફેક્ટરીની મુલાકાત લેવાની તક મળી. મેં ૧૦ વર્ષ પહેલા પણ તેમની નાસિક ફેક્ટરીની મુલાકાત લીધી હતી. હવે તેમની પાસે ડીંડોશી, નાસિકમાં ૨ મોટી ફેક્ટરીઓ છે. હું તેમની પ્રગતિથી ખૂબ પ્રભાવિત થયો હતો અને મેં તેમને ઈન્ટરવ્યુ માટે થોડો સમય ફાળવવા વિનંતી કરી હતી. મેં ૨૩મી માર્ચ રવિવારના રોજ ઘાટકોપર પૂર્વમાં તેમની ઓફિસમાં તેમની મુલાકાત લીધી. તેઓ હંમેશા બધાને રાજા અને કરોડપતિ કહીને માન આપે છે. જ્યારે હું તેની ઑફિસમાં ગયો ત્યારે મને તેઓ ટેલિફોન કોલ્સમાં અત્યંત વ્યસ્ત જણાયા. મેં તેમના કોલ્સ વચ્ચે તેમનો ઈન્ટરવ્યુ લીધો. તેમણે ટેલિફોન કોલ્સ પર સાંભળવાનું ખૂબ જ રસપ્રદ હતું.

સી.એમ.ને ૬ ભાઈઓ અને ૨ બહેનો છે. તેમણે ૧૯૬૮ માં દમયંતીબેન સાથે લગ્ન કર્યા. દમયંતીબેન સામાજિક કાર્યમાં ખૂબ જ સક્રિય છે અને તેઓ ક.દ.ઓ. જ્ઞાતિના વિવિધ ટ્રસ્ટોમાં ખૂબ જ સક્રિય ટ્રસ્ટી છે. તેઓને એક પુત્ર અતુલભાઈ છે, જેઓ સી.એમ. સાથે ફેક્ટરી-વ્યાપાર ધંધો સંભાળે છે અને એક પુત્રી માધવી રાહુલ ખોના છે જે કેલિફોર્નિયા, યુ.એસ.એ.માં રહે છે.

આવો, સી.એમ. પાસેથી એમની જીવન સફર વિશે વધુ જાણીએ.

**પ્ર.સ.:** કૃપા કરીને અમને રૂા. ૪૫ના માસિક પગારની નોકરીથી આ વિશાળ સામ્રાજ્ય સુધીની તમારી સફર વિશે જણાવો.

**સી.એમ.:** પી. વિઠ્ઠલદાસમાં દોઢ વર્ષ કામ કર્યા પછી હું એસ. રસિકલાલ સાથે જોડાયો અને દોઢ વર્ષ કામ કર્યું. આ બન્ને કંપનીઓમાં કામ કરતી વખતે હું બજાર અને વેપાર વિશે શીખ્યો અને લોખંડ બજારમાં દલાલી શરૂ કરી. મારી મહેનત અને જ્ઞાને મને સારા ગ્રાહકો અને વિવિધ સરકારી સંસ્થાઓ સાથે સારા સંબંધો બનાવવામાં મદદ કરી. મારા મોટા ભાઈ સ્વર્ગસ્થ મુરજીભાઈ મારા પહેલા જ મુંબઈમાં હતા. મેં ગંગાવાડી, ઘાટકોપરમાં ઘર લીધું અને મારા માતા-પિતા અને પરિવારના અન્ય સભ્યો પણ મુંબઈ શિફ્ટ થઈ ગયા.

માથાડી કામદારોની હડતાળ હતી અને કોઈને ગોડાઉનમાં લોડિંગ અને અનલોડિંગ કરવાની મંજૂરી આપવામાં આવતી ન હતી. હડતાલ દરમિયાન ગ્રાહકોને કેવી રીતે સેવા આપવી તે મેં શોધી કાઢ્યું. મારી આ મજૂરીએ મને મારા વ્યવસાયની પ્રગતિમાં મદદ કરી.

મેં મારા ભાઈઓ સાથે થાણેમાં લોખંડ અને સિમેન્ટની દુકાન શરૂ કરી અને ૧૯૭૬ માં મેં મારા ભાઈઓને ધંધો સોંપ્યો. હુડકો, સિડકો અને મહારાષ્ટ્ર સરકાર સાથે મારા ઘણા સારા સંબંધો હતા. હું ૨૦ વર્ષ સુધી મહારાષ્ટ્ર સરકારને આયર્ન પ્રોડક્ટ્સનો એકમાત્ર સપ્લાયર હતો. મેં રાયપુર, નાગપુર અને વૈઝાકમાં શાખાઓ ખોલી હતી. મર્યાદિત બજેટને કારણે હું ટ્રેનોમાં મુસાફરી કરતો હતો અને નિયમિત ધોરણે ઘણા દિવસો સુધી પરિવારથી દૂર રહેતો.

**પ્ર.સ.:** તમે ટ્રેડિંગ બિઝનેસમાંથી મેન્યુફેક્ચરિંગ બિઝનેસમાં ક્યારે આવ્યા?

**સી.એમ.:** નેવુંના દાયકાની શરૂઆતમાં મને સમજાયું કે ભવિષ્ય માત્ર ઉત્પાદન ઉદ્યોગમાં છે. વેપારના

વ્યવસાયમાં તમે હંમેશા બીજા પર નિર્ભર રહેશો. તેથી અમે કલ્યાણમાં ફેક્ટરી લીઝ પર લીધી અને પછીથી કોલશેત રોડ થાણેમાં મેં ઈગલ સ્ટીલ સાથે ભાગીદારીમાં રોલિંગ મિલ લીધી. પાછળથી ભાગીદાર છુટા થયા અને અમે ૧૦૦% માલિક બન્યા. ઓક્ટ્રોયના પ્રશ્નોને લીધે, મેં નાસિક જવાનું નક્કી કર્યું. સરકારી વિભાગમાં મારા મિત્રોની સલાહ મુજબ, મેં ડિંડોશી, નાસિકમાં ૨૭ એકર જમીન લીધી. આજે આ રોલિંગ મિલમાં ૧૦૦૦ લોકો કામ કરે છે.

૨૦૨૩ માં અમે NCLT (નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ) દ્વારા ૨૩ એકર જમીન અને મશીનરી સાથે અમારી રોલિંગ મિલની બાજુમાં જ એક રોલિંગ મિલ ખરીદી અને આ ફેક્ટરીમાં લગભગ ૫૦૦ કામદારો કામ કરે છે. આ ફેક્ટરીએ ૨૩મી ફેબ્રુઆરી ૨૦૨૪થી ફરીથી કામગીરી શરૂ કરી છે (મેં બંને ફેક્ટરીઓની મુલાકાત લીધી છે અને કામગીરી અને ઓટોમેશનના સ્કેલ જોઈને હું આશ્ચર્યચકિત થઈ ગયો હતો). તળોજામાં પણ અમારી પાસે એક યુનિટ છે જ્યાં અમે માત્ર મજૂરીનું કામ કરીએ છીએ. અમને કર્ણાટક રાજ્યમાં એક પાવર પ્રોજેક્ટ મળ્યો છે.

**પ્ર.સ.:** હું તમને રવિવારે પણ કામ કરતા જોઉં છું. તો તમે રજાઓ નથી લેતા?

**સી.એમ.:** હું વર્ષમાં ૩૬૩ દિવસ ઓફિસ આવું છું. દિવાળી અને હોળીના દિવસે જ મારી ઓફિસ બંધ રહે છે. અલબત્ત હું મારા પરિવાર સાથે ટ્રાવેલિંગમાં સમય વિતાવું છું અને સાથે સાથે વિવિધ ફંક્શન્સમાં પણ હાજરી આપું છું. હું વર્કહોલિક છું અને મારા માટે કામ એ મનોરંજન અને રજાઓ છે. હું કામ વગર બેસી શકતો નથી. મારા સ્ટાફને તેમની સાપ્તાહિક રજાઓ મળે છે.

**પ્ર.સ.:** આજે તમે કદઓ જ્ઞાતિના સૌથી મોટા ઉદ્યોગપતિઓમાંના એક છો. તમારી સફળતા પાછળનું કારણ શું છે?

**સી.એમ.:** સખત મહેનત, નેટવર્કિંગ, મારી પત્ની દમયંતી અને મારા પુત્ર અતુલનો સપોર્ટ, ભગવાનના આશીર્વાદ અને મિત્રોની શુભેચ્છાઓ. હું અમારી કંપનીમાં કદઓ યુવાનોને તક આપવા માંગુ છું જેથી ભવિષ્યમાં તેઓ પણ સારી પ્રગતિ કરી શકે અને આના પરિણામે કદઓ જ્ઞાતિનો ઉત્કર્ષ થશે. કદઓ યુવાનો કે જેઓ નોકરી શોધી રહ્યાં છે તેઓ મને તેમના CV mitc.tmt@gmail.com પર ઈમેલ કરી શકે છે.

**પ્ર.સ.:** તમારા વ્યસ્ત સમયપત્રકમાંથી સમય ફાળવવા બદલ આભાર. મને ખાતરી છે કે ઘણા યુવાનો તમારા સંઘર્ષ અને સફળતાથી પ્રેરિત થશે.

**– CA હીરાચંદ દામજી દંડ**


## જાહેરાતદારોને નિવેદન

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઇશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઇલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઇલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઇ શકાય.


## બાયઠના પોલડીયા પરિવારો જોગ

આપણા કુળદેવી પૂજ્ય મોમાઈ માતાજીની પંચમ ધ્વજા આરોહણનું આયોજન સ્થાનિક બાયઠ મુકામે અષાઢ સુદ અગિયારસ, બુધવાર, તા. ૧૭.૭.૨૦૨૪ના રોજ કરવામાં આવેલ છે.

આ શુભ પ્રસંગે આપ સૌને અવશ્ય પધારવાનું ભાવભર્યું આમંત્રણ પાઠવતા અત્યંત હર્ષ અનુભવીએ છીએ.

આ શુભ પ્રસંગે પૂજ્ય મોમાઈ માતાજીના ભુવા પૂજ્યશ્રી જેઠાભાઈ રબારી નવસારીથી ખાસ પધારશે.

તો આપ સૌ તા. ૧૬.૭.૨૦૨૪ સુધી બાયઠ પધારશો. તા. ૧૬-૧૭ જુલાઈ સુધી સર્વ વ્યવસ્થા બાયઠ મુકામે કરવામાં આવેલ છે.

**લી. પૂ. મોમાઈ માતાજી ધ્વજા આરોહણ સમિતીના જય માતાજી**

## કચ્છી નાટકમાં ભાગ લેવા આમંત્રણ

સામાજિક સંસ્થા કચ્છ યુવક સંઘ મુંબઈ અને કચ્છમાં કામ કરતી સંસ્થા છે. કચ્છની દરેક જ્ઞાતિઓ એમાં સંકળાયેલી છે. કચ્છ યુવક સંઘ છેલ્લા ત્રીસ ત્રીસ વર્ષથી કચ્છી નાટક મુંબઈ, કચ્છ અને ભારત ભરમાં ભજવે છે.

આગામી કચ્છી નવા વરસે એકત્રિસમું કચ્છી નાટક રજુ થશે. આ નાટકોમાં ભાગ લઈ અનેક કલાકારો ફિલ્મો, સીરીઅલ્સ, પ્રોફેશનલ નાટકમાં આગળ વધ્યા છે. ૧૬ થી ૪૦ વર્ષના યુવાન યુવતીઓને નવા નાટકમાં ભાગ લેવા આમંત્રણ છે. સમાજ સમક્ષ એક્ટિંગ કરવાની તક ઝડપી લેવા આમંત્રણ છે.

**નાટકના દિગ્દર્શક : વસંત મારૂ**

**રૂપાંતરઃ ડો વિશનજી નાગડા.**

**વધુ વિગત માટે સંપર્ક : કચ્છ યુવક સંઘ :**

**૦૨૨૨૪૧૧૪૦૦૧ / ૦૨૨૨૪૧૧૪૦૦૨.**

આરોગ્ય પ્રકાશ

# પોષક તત્ત્વોથી ભરપૂર મિલેટ... (૨)

- ડૉ. વીરચંદ લખમશી નાગડા,
M.B.B.S. (મુંબઇ), **M : 8369077978**



**જવ :** પ્રોટીન, આયર્ન, કેલશ્યમ, મેગ્નેશ્યમ, લેક્ટીક એસિડ, સીલીસીલીસક એસિડ, ફોસ્ફરીક એસિડ અને ફાયબર જવમાં હોય છે, જે હાડકા મજબૂત બનાવે છે. તાસીરે ઠંડા, ગેસ, કબજિયાતથી બચાવે, જાડાપણું, ડાયાબીટીઝ, હાઈ બી.પી. અને હૃદયરોગથી દૂર રાખે છે. (જવમાં વધુ ફાયબર હોવાથી ફોતરા કાઢીને વાપરવું) જવ પેશાબની બળતરા, ઈન્ફેક્શન અને પથરી માટે ખૂબ ઉપયોગી છે. તેથી જવનું પાણી પીવાની સલાહ અપાય છે, સગર્ભા મહિલાને પગમાં સોજા આવે તો જવનું પાણી ખૂબ ઉપયોગી થાય છે. જવનું પાણી શરીરને અંદરથી ડિટોક્સ (લોહીનું શુદ્ધિકરણ) કરે છે. આજે આપણે જે ઓટ્સ વાપરીએ છીએ તે જવના ફાડા જ છે પણ પેકેટમાં હોય છે તેમાં પ્રીઝરવેટીવ, કેમિકલ્સ, ફ્લેવર અને પુષ્કળ સાકર હોય છે જે આરોગ્યને નુકશાનકર્તા છે. જવને ખાંડી ઉપરના ફોતરા કાઢી વાપરો. પાણીમાં આ ફોતરા વગરના જવને ૫-૧૦ મિનિટ ઉકાળો, ૧ કલાક ઢાંકી રાખો અને ગાળીને ઉપયોગમાં લ્યો. તે ઉપરાંત તેનો ઉપયોગ રોટલી કે રાબ બનાવી કે ઓસામણ બનાવી કરી શકાય છે. ડાયાબિટીસ, હાય બી.પી.ના દર્દીએ કીડનીને નુકશાન ન થાય માટે રોજ જવનું પાણી પીવું.

**મકાઈ :** અમેરિકન મકાઈ (સ્વીટકોર્ન) જે આજકાલ ખૂબ જ વપરાય છે તેમાં સુગર ખૂબ હોય છે. અને ઉગાડતી વખતે વિદેશી હાઈબ્રીડ વપરાય અને ઘણી પ્રક્રિયા થતી હોવાથી પોષક તત્ત્વોનો નાશ થાય છે. તેમજ પેસ્ટીસાઈડ વપરાતું હોવાથી તે આરોગ્ય માટે ખૂબજ નુકશાનકારી છે તેથી જ દેશી મકાઈ જે ચોમાસામાં જ મળે છે તે વધુ સારી અને રોજ વાપરી શકાય છે. દેશી મકાઈમાં પ્રોટીન, ફાયબર, પોટેશ્યમ, કોપર, ઝીંક, વિટામીન B6 Lutein અને Zeaxanthin અને એન્ટીઓક્સિડન્ટ ભરપુર હોય છે. જે આંખનું આરોગ્ય જાળવે, કોલેસ્ટ્રોલ ઘટાડે, હાઈ બી.પી., હૃદયરોગથી બચાવે તેમજ Diverticular નામના આંતરડાના રોગથી બચાવે છે.

**રાગી/નાચણી/નાંગલી :** પ્રોટીન, ફાઈબર, આયર્ન, કેલશ્યમ અને બીજા પોષક તત્ત્વોથી ભરપૂર હોવાથી હિમોગ્લોબીન વધારે, ડાઆબીટીઝ, હાઈ બી.પી., કોલેસ્ટ્રોલ નિયંત્રણમાં રાખી હૃદયરોગથી બચાવે, શરીરમાં ખોટી ચરબી જમા ન થવા દે, કબજીયાત દૂર કરે, પાચનતંત્ર સુધારે. તેની તાસીર ઠંડી છે એટલે ઉનાળામાં વધુ વાપરી શકાય. નાના બાળકો અને સ્તનપાન કરાવતી મહિલાઓ માટે ખૂબ મહત્ત્વપૂર્ણ ખોરાક છે. નાના બાળકને (૬ મહિને) જ્યારે ખોરાક આપવાનું શરૂ કરો ત્યારે નાચણીની રાબ કે શીરો અચૂક આપજો. કારણ આનાથી બાળકની ઉંચાઈ સારી થશે અને હાડકા મજબૂત થશે. બાળક શાળાએ જતું થાય ત્યારે રોજ વિવિધ પ્રકારના સ્વાદના પાવડર દૂધમાં નાખી અપાય છે તેમાં સાકરનું બેફામ પ્રમાણ હોય છે, જે હાનિકારક છે તેના બદલે ફણગાવેલ નાચણીના લોટમાંથી બનાવેલ એનર્જી ડ્રીન્ક વધુ આરોગ્યદાયી છે. નાચણી ફણગાવેલી હોવાથી વધુ સુપાચ્ય બને છે. તેના લોટમાં કેમિકલ ફ્રી ગોળ, સ્કીમડ મિલ્ક પાવડર અને તેમાં નેચરલ કોકો, વેનીલા નાખીને બાળકને રોજ આપો (નાચણીને ૧૦ કલાક પલાળ્યા બાદ કપડામાં બાંધી અંધારી અને ગરમ જગ્યાએ રાખતા એકાદ દિવસ પછી ફણગા ફૂટશે). ફણગાવેલી નાચણીમાં B12 અને સામાન્ય કરતાં પાંચગણું કેલશ્યમ વધી જાય છે.

**કોદરી/કોદો :** કોદરીમાં સારા પ્રમાણમાં આયર્ન, મેગ્નેશ્યમ, ફોસ્ફરસ, ઝીંક અને જરૂરી એસિડ-પ્રોટીન હોય છે. આ સર્વને લીધે આરોગ્ય જળવાય છે. કોદરીમાં સારા પ્રમાણમાં પ્રોટીન મળી આવે છે પણ ઉચ્ચ કોટીનું પ્રોટીન નથી તેથી તેમાં દહીં ઉમેરવાથી આવશ્યક એમિનો એસિડ મળવાથી પ્રોટીન સંપૂર્ણ બને છે. આ પચવામાં હલ્કુ, પોષક તત્ત્વોથી ભરપૂર, ચરબી ખૂબજ ઓછી તેમજ તે ધીમે ધીમે પચે છે. એથી લોહીમાં ગ્લુકોઝ ધીરે ધીરે ભળે, વળી તે ઈન્સ્યુલીન પેદા કરવામાં મદદ કરે આથી જ ડાયાબીટીઝના દર્દીને ડબલ ફાયદાકારી અને તેમને માટે કોદરી એ શ્રેષ્ઠ અન્ન છે. તાવ, ટાયફોઈડ, કમળો વગેરેમાં કોદરીની ખીચડી શરીરને બળ આપે છે અને રોગ સામે લડવાની શક્તિ આપે છે. વડોદરાના રિસર્ચરે, કોદરીમાં પાંચ એન્ટીડાયાબીટેક કમ્પાઉન્ડસ્ હોવાનો દાવો કર્યો છે તેમાં ક્વિસેટીન કમ્પાઉન્ડ ખોટી ચરબી શરીરમાં જમા થવા દેતું નથી.

કોદરીને ૨-૩ વખત ધોઈ ૩૦ મિનિટ પલાવ્યા બાદ મગદાળ (છલ્ટી) સાથે ખીચડી બનાવી શકાય (પાણીનું પ્રમાણ ચાર ગણું નખાય ) તેમાં શાકભાજી, મરી, મસાલા, ગરમ મસાલો નાખી વિવિધતા લાવી ખીચડી બનાવતાં સૌ ખાવા પ્રેરાય.

**સામો/મોરૈયો :** આ પ્રોટીન, વિટામીન, કેલશ્યમ, આયર્ન, ફાઈબર અને બીજા ખનિજનો સ્ત્રોત છે. આમાં ચરબી અને સાકર ખૂબ ઓછી હોય છે. તેની તાસીર ઠંડી આથી ઉનાળામાં વધુ ઉપયોગ કરી શકાય. તે કફ, પિત્ત અને વિષદોષનો નાશ કરે છે. ડાયાબીટીઝ, કોલેસ્ટ્રોલ, જાડાપણું ઘટાડે, ગેસ ન થાય, કબજીયાત દૂર કરે, બાળકો, સ્ત્રીઓ અને વૃદ્ધો માટે ઉત્તમ, હૃદયરોગી માટે ઉપયોગી, એનિમિયા દૂર કરે. શરીરની શક્તિ અને ઈમ્યુનીટી (પ્રતિકારશક્તિ) વધારે, લોહી પરિભ્રમણ વધારે, ત્રણેય દોષને બેલન્સ કરે. સામો બારીક છે તેથી તેને પાણીમાં ઓરાવીને સાફ કરાય, તેને ફક્ત ૧૦ મિનિટ જ પલાળવું પછી તેમાં શાકભાજી શીંગદાણા, મસાલા ઉમેરી ૩-૩.૫ ગણું પાણી નાખી છુટું ઉપમા જેવું બને અને ખીચડી જેવું ઢીલું ખાવું હોય તો ચાર ગણું પાણી નાખવું.

**કાંગ/કારંગ :** કાળુ, લાલ, સફેદ અને પીળા રંગનું વિવિધતા ધરાવતું આ ધાન્ય છે. ભારત સરકારે તેની ૨૫ જાતો શોધી કાઢેલ છે. કેલશ્યમ, મેગ્નેશ્યમ, ફોસ્ફરસ, આયર્ન, સોડિયમ, પોટેશ્યમ, સલ્ફર ક્લોરાઈડ, આયોડિન જેવા ખનીજ તત્ત્વોથી ભરપૂર છે. વિટામિન A, B2, B6, નિકોટીનીક એસિડ અને ફોલીક એસિડ હોય છે. પ્રોટીન, પ્રોલેમિન, ગ્લોબ્યુલિન, આબ્લ્યુમિન વગેરે એમિનો એસિડ હોય છે. કફ અને પિત્તનો નાશ કરે છે, ડાયાબીટીઝ માટે ઉત્તમ, કોલેસ્ટ્રોલ, ટ્રીટાગ્લીસરાઈડ અને સી રીએક્ટીવ પ્રોટીન આ સર્વ નુકશાનકારક ચીજોને શરીરમાંથી ઘટાડે છે. સગર્ભા, સ્તનપાન કરાવતી સ્ત્રીઓ અને બાળકો માટે ઉર્જાનો સ્ત્રોત છે. આંતરડાની શરૂઆતના ભાગમાં સોજા ઘટાડે અને અલ્સરમાં શ્રેષ્ઠ છે. આ ધાન્ય ઉષ્ણ છે એટલે અન્ય ધાન્ય સાથે ભેળવીને ઉપયોગ કરવો.

**(ગતાંકમાં શરતચૂકથી ૩જા ફકરામાં (વર્ગીકરણ) ભાગ્યા (÷) નિશાની ન છપાતા સમજવું મુશ્કેલ બને છે તેથી તેની સમજણ ફરી લખું છું.)**

કાર્બોહાઈડ્રેડ (સુગર) ભાગ્યા (÷) રેષા (ફાઈબર) નેગેટીવ મિલેટ્સમાં સુગર વધુ અને ફાઈબર ખૂબ ઓછો હોવાથી ભાગાકર વધુ ઉંચો-૬૦ આવે છે. આમ ઘઉં, ચોખા આરોગ્ય માટે નુકશાનકારક છે. ન્યુટ્રલ મિલેટ્સ (બાજરી, જુવાર, જવ, નાચણી) માં ભાગાકાર ૧૦ થી ૬૦ની વચ્ચે આવે છે. એટલે એ આરોગ્ય જાળવનાર છે. અને પોઝીટીવ મિલેટ્સ (કોદરી, સામો, કાંગ)નો ભાગાકાર ૧૦ થી નીચે આવતો હોવાથી આ આરોગ્ય માટે ખૂબજ સારા. બિમાર વ્યક્તિનું આરોગ્ય સુધારે, આમ ઘઉં, ચોખા આરોગ્યને નુકશાન કરે. બાજરી, જુવાર, જવ, નાચણી આરોગ્ય જાળવે. કોદરી, સામો, કાંગ આ ધાન્ય ડાયાબીટીઝ, હાઈ બી.પી. હૃદયરોગ, કોલેસ્ટ્રોલ, જાડાપણું, સંધીવાત વગેરે તકલીફોમાં ખૂબ ફાયદાકારી, તેનો ઉપયોગ કરવો.

## ક.દ.ઓ.ના આગામી કાર્યક્રમો

**૨૧ થી ૨૩ એપ્રિલ ૨૦૨૪:** લાલપુરમાં શ્રી ભલારા દાદા સ્થાનકે ધ્વજારોહણ સહ ચૈત્રી પૂનમ મહોત્સવ.

**૨૮.૦૪.૨૦૨૪ :** શ્રી સમસ્ત કદઓ મહાજન મહાસમિતીની મિટીંગ બપોરે ૧૨ વાગ્યાથી. અચલગચ્છ જૈન સંઘ, મુલુંડ (ઈસ્ટ).

**૨૮.૦૪.૨૦૨૪ :** વરાડીયામાં બિરાજમાન દંડ પરીવારના કુળદેવી શ્રી સચ્ચાઈ માતાજીની મુલુંડ, મુંબઈ માં સમુહ પહેડી.

**૧૨.૦૫.૨૦૨૪ :** તેરામાં શ્રી દાદા ભલારા દેવસ્થાન ધ્વજારોહણ મહોત્સવ

**૧૩ થી ૧૫.૦૫.૨૦૨૪ :** શ્રી સુથરી મહાતીર્થ : શ્રી ધૃતકલ્લોલ (૧૦૮) પાર્શ્વનાથજી જિનાલય ૧૮૬મો ધ્વજારોહણ મહોત્સવ.

**૧૭-૧૮ મે ૨૦૨૪ :** મંજલ તિર્થ ધ્વજારોહણ મહોત્સવ

**૧૭.૦૫.૨૦૨૪ થી ૧૯.૦૫.૨૦૨૪:**
શ્રી પરજાઉ તીર્થ : મૂળનાયક શ્રી ચંદ્રપ્રભુ સ્વામી જિનાલય તથા શ્રી શિતલનાથ દેવકુલિકાની ધ્વજા મહોત્સવ, સ્નેહ સંમેલન, નૂતન પ્રવેશદ્વાર, નૂતન કાર્યાલય, મંગલગૃહ અને નુતન કેસર- સુખડગૃહ ઉદ્ઘાટન.

8369141486 / 9819286056 9930644520
વલ્લભજીભાઈ
અમે જુના સોનાચાંદીના દાગીના ખરીદીએ છીએ
ઘટ કાપ્યા વિના immediate payment મળશે
We buy old Gold & Silver (Gold ₹ 74000 24 ct.)

A. J. Jewellers
દુકાન નંબર ૧, જયશ્રી સદન બિલ્ડીંગ,
ગોવર્ધન હવેલીની બાજુમાં, ઓલ્ડ નાગરદાસ જંક્શન,
અંધેરી (ઈસ્ટ), મુંબઈ ૪૦૦ ૦૬૯.

Vallabhadas & Sons Jewellers
દુકાન નં. ૬, જવેરી બિલ્ડીંગ,
ડી. જે. રોડ, વિલેપાર્લે સ્ટેશનની બાજુમાં,
વિર્લેપાર્લે (વેસ્ટ), મુંબઈ ૪૦૦ ૦૫૬.

શ્રી ચંદ્રપ્રભસ્વામિને નમઃ

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન - નલીયા (કચ્છ)

ધર્મશાળા ફલીયા, નલીયા, તા. અબડાસા (કચ્છ), પીન નં. ૩૭૦૬૫૫. ફોન નં. ૦૨૮૩૧-૨૨૨૩૩૭

## શ્રી નલીયા તીર્થે ચાતુર્માસ પ્રવેશ અને શ્રી પર્યુષણ મહાપર્વે પધારવા ભાવભર્યું આમંત્રણ

### * દિવ્યકૃપા દૃષ્ટિ *

શાસનસમ્રાટ, રાષ્ટ્રસંત, ભારત દિવાકર અચલગચ્છાધિપતિ **પ.પૂ. આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.**

જિનશાસન શિરોમણિ, તપચક્ર ચક્રવર્તી અચલગચ્છાધિપતિ **પ.પૂ. આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**

### * તારક આજ્ઞા પ્રદાન એવં આશિષ વૃષ્ટિ *

સૌમ્ય સ્વભાવી સંઘવત્સલ્ય, રાજસ્થાન દીપક અચલગચ્છાધિપતિ **પ.પૂ. આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.**

### * ચાતુર્માસિક નિશ્રા *

પ.પૂ.સાધ્વી શ્રી નિરંજનાશ્રીજી મ.સા.ના પ્રશિષ્યા, પ.પૂ.સાધ્વી શ્રી પુણ્યોદયશ્રીજી મ.સા.ના પ્રશિષ્યા, પ.પૂ. સાધ્વી શ્રી તપોગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા, **પ.પૂ.સાધ્વી શ્રી જ્ઞાનગુણાશ્રીજી મ.સા.** આદિ ઠાણા-૩નું ચાતુર્માસ પ્રવેશ વિક્રમ સંવત ૨૦૮૦, **અષાઢ સુદ-૨, રવિવાર, તા. ૦૭.૦૭.૨૦૨૪** ના શુભ દિને રહેશે.

વિશેષ **પ.પૂ.સાધ્વી શ્રી નવકારગુણાશ્રીજી મ.સા.** અને **પ.પૂ.સાધ્વી શ્રી ચંદ્રગુણાશ્રીજી મ.સા.** બંને નલીયાના સંયમરત્નો છે. સર્વે નલીયાવાસી અને નિયાણી બહેનોને સહપરિવાર ચાતુર્માસ પ્રવેશે પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવી રહ્યા છીએ. આપશ્રી તારીખ નોંધી લેશોજી. સાત-સાતના આપશ્રીનો સાથ અનિવાર્ય છે.

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ વિક્રમ સંવત ૨૦૮૦ શ્રાવણ વદ ૧૨ ને શુક્રવાર ૩૦-૦૮-૨૦૨૪ થી ભાદરવા સુદી ૬ રવિવાર તા. ૦૮-૦૯-૨૦૨૪ સુધી. સર્વે ગામવાસી ભાઈઓ બહેનો તથા નિયાણી બહેનોને પર્વાધિરાજ પર્યુષણ પર્વમાં આરાધના કરવા ભાવભર્યું આમંત્રણ પાઠવીએ છીએ. સાધર્મિક ભક્તિ સંઘના રસોડે ૩ ટાઈમ રહેશે. પર્વમાં પધારનાર ભાવિકોએ પોતાના નામ એક મહિના અગાઉ નલીયા પેઢી ઉપર મેનેજર ભાવેશ - ફોન નં. **7359771949** પાસે લખાવવા વિનંતી. જેથી રહેવાની સગવડ કરવા સરળતા રહે. રહેવાની સગવડ સામુહિક ધોરણે કરવામાં આવશે.

### * ચાતુર્માસના વિવિધ નકરાઓ - લાભાર્થી આવકાર્ય *



**૫૦૧૧૧૧/= શિરોમણી સ્થંભ લાભાર્થી**
**૨૫૧૦૦૧/= મોભી સ્થંભ લાભાર્થી**
**૧૨૫૦૦૧/= હિરક સ્થંભ લાભાર્થી**
**૫૪૦૦૦/= સુવર્ણ સ્થંભ લાભાર્થી**
**૨૭૦૦૦/= રજત સ્થંભ લાભાર્થી**



* શિરોમણી સ્થંભ લાભાર્થી નકરામાં પરિવારને એક અનુષ્ઠાનનો વિશિષ્ટ લાભ મળશે સાથે તે દિવસે સંપૂર્ણ સાધર્મિક ભક્તિનો પણ લાભ મળશે તેમજ યાદગીરી સ્વરૂપે કાયમી ગ્રેનાઇટની તકતીમાં પરિવારનું નામ યોગ્ય જગ્યાએ અંકિત રહેશે. * બાકીના નકરાઓમાં ચાતુર્માસના દિવસોમાં બેનર ઉપર નામ રહેશે. * આ વર્ષે નલીયાની દીક્ષિત નિયાણી બહેનો ચાતુર્માસની આરાધના માટે નલીયા પધારી રહેલ છે. ચાર ચાર મહિના વિશિષ્ટ આરાધનાઓ થશે. ચાતુર્માસમાં થનારી ધર્મ આરાધના, અનુષ્ઠાનો, પર્યુષણપર્વનું ઉજમણુ, વગેરે વગેરે લાભ લેવાનો સુંદર અવસર છે.

**આ ચાતુર્માસ નકરાઓમાં પરિવારનું નામ નોંધાવી સુકૃતનો લાભ લઈ લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવશો.**

---

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન - નલીયા સર્વે ટ્રસ્ટીગણના પ્રણામ**

**સંપર્ક :- શ્રી મૂલચંદ મોતા -૯૮૪૬૨૧૪૨૦૩ શ્રી પીનાકીન છેડા-૯૮૧૯૭૦૮૦૮૬**

**નલીયા કાર્યાલયઃ- ૦૨૮૨૧-૨૨૨૩૩૭ મેનેજર : ભાવેશ મૈશેરી-૭૩૫૯૭૭૧૯૪૯**

# કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિના સર્વે શ્રાવક તથા શ્રાવિકાઓ

શ્રી ચંદ્રપ્રભસ્વામિને નમઃ

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન - નલીયા (કચ્છ)

**ચાતુર્માસ નિશ્રા**

પ.પૂ.સાધ્વી શ્રી જ્ઞાનગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વી શ્રી નવકારગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વી શ્રી ચંદ્રગુણાશ્રીજી મ.સા.

**✻ ૫૫ દિવસની આરાધના ✻**

**(આષાઢ સુદ-૧૩ થી ભાદરવા સુદ-૮) (૧૮-૭-૨૦૨૪ થી ૧૦-૯-૨૦૨૪)**

**✻ ૧૨૧ દિવસની આરાધના ✻**

**(આષાઢ સુદ-૧૩ થી કારતક સુદ-૧૫) (૧૮-૭-૨૪ થી ૧૫-૧૧-૨૦૨૪)**

**નલિનપુર નગરે (નલીયા) ચાતુર્માસ આરાધના ફોર્મ**

આરાધકનું નામ ______________________ વય ______ પુરુષ/મહિલા ______

પિતા / પતિનું નામ ______________________ ગામ ______________________

રહેઠાણનું એડ્રેસ ______________________________________________

______________________________________________

મોબાઈલ નંબર ______________ ઈમેલ આઈ ડી ______________ બ્લડ ગ્રુપ ______

આપને કોઈ દવા ચાલુ છે ______________________ ફેમિલી કોન્ટેક નંબર ______________

કેટલા દિવસની આરાધના કરવાના છો ______________ અત્યારે કોઈ તપસ્યા ચાલે છે ______________

સહી ______________________ તારીખ ______________________

## સૂચના

- ☞ ચાતુર્માસ માટે આવેલ આરાધકે મહાજનશ્રીના તેમજ પરમ પુજ્ય મહારાજ સાહેબશ્રીના તમામ આદેશોનું પાલન કરવાનું રહેશે.
- ☞ આરાધકોને રહેવાની સગવડ સામુહિક ધોરણે રહેશે.
- ☞ તમામ આરાધકોને એકાસણું કરવું ફરજિયાત રહેશે.
- ☞ જો આરાધકની વર્ષીતપ કે કોઈ મોટી તપસ્યા ચાલી રહી હોય તો પહેલેથી જાણ કરવાની રહેશે (તેમને એકાસણું ફરજિયાત નથી)
- ☞ કોઈ પણ આરાધકે મહાજનના પદાધિકારીઓની પરવાનગી વિના નગર  છોડી ક્યાંય જઈ શકશે નહીં.
- ☞ શ્રાવકની દૈનિક ક્રિયા જરૂરી ભક્તિ ભાવના સામૂહિક રીતે કરવી ફરજિયાત છે.

- ☞ દરરોજ પ્રતિક્રમણ, પૂજા, વ્યાખ્યાન, રાત્રી ભક્તિ ભાવના વગેરે ધાર્મિક વિધિઓમાં દરેક આરાધકોને હાજર રહેવું ફરજિયાત રહેશે.
- ☞ એકવાર તમારું ફોર્મ પાસ થઈ જાય, પછી તમને WhatsApp અથવા મેઈલ દ્વારા સ્વીકૃતિ પત્ર આપવામાં આવશે.
- ☞ ચાતુર્માસ પર આવતા સમયે, તમારે તમારી સ્વીકૃતિ પત્ર સાથે લાવવાનું ફરજિયાત રહેશે.
- ☞ જો આરાધકને કોઈ મોટી બીમારી હોય અને કોઈ નિયમિત દવાઓ હોય તો તેને તમારી સાથે લાવવાની રહેશે
- ☞ વય મર્યાદા તેમજ ફોર્મનું અવલોકન કર્યા પછી જ ફોર્મ પાસ કરવામાં આવશે. પાસ કરવાની સર્વે સતા મહાજનશ્રીના પદાધિકારીઓની રહેશે.
- ☞ વહેલા તે પહેલાના ધોરણો ૧૦૦ આરાધકોના નામો સ્વીકારવામાં આવશે.
- ☞ ફોર્મ ભરી પાછા આપવાની તારીખ ૧/૫/૨૦૨૪ રહેશે
- ☞ ફોર્મ ભરી પાછા આપવા નલીયા મહાજનશ્રીના કાર્યાલયે તેમજ મુંબઇ નીચેના સરનામે આપવાના રહેશે

**નલીયા :** શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન - નલીયા (કચ્છ), ધર્મશાળા ફલીયા, નલીયા,
તા. અબડાસા, જી. કચ્છ - ૩૭૦૬૫૫. ફોન નંબર : ૦૨૮૩૧-૨૨૨૩૩૭
મેનેજર - ભાવેશ મૈશેરી - ૭૩૫૯૭૭૧૯૪૯, ૯૭૧૨૦૭૧૯૪૯
**મુંબઈ :** ચેતન લહેરચંદ નાગડા બી-૨, ગણેશ એપાર્ટમેન્ટ, રામનગર, ચિતરંજનદાસ રોડ, ડોંબિવલી (ઈસ્ટ)
પીન-૪૨૧૨૦૧ મોબાઈલ-૯૮૨૦૧૦૫૦૭૮

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન - નલીયા (કચ્છ)**

## શ્રી સુવિધિનાથ દેરાસર-તિરૂપુર



પરમ પૂજ્ય આચાર્ય શ્રી ઉદયપ્રભુસૂરીશ્વરજી મ.સા. આદિ ઠાણા-૮ ઈરોડથી તિરૂપુર પધાર્યા તે પ્રસંગે ફાગણ ફેરી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.



## વનિતા વિશ્વ માટે સંપાદિકા આવકાર્ય

પ્રકાશ સમીક્ષામાં નવા શરૂ થયેલા મહિલાઓ માટેના વિભાગ વનિતા વિશ્વ માટે સંપાદન કાર્ય સંભાળવા ઈચ્છતા મહિલાઓ આવકાર્ય છે.
સંપર્ક : **CA હીરાચંદ દંડ, Mob.: 77385 08150**

## વિગતવાર સમાચાર મોકલવા નિવેદન

જ્ઞાતિ સંસ્થાઓ, મહાજનો, મંડળોની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોના વિગતવાર સમાચારો ફોટોગ્રાફ સાથે સમાચાર વિભાગમાં પ્રકાશિત કરવા મોકલવા નિવેદન. તે ઉપરાંત વિશેષ શૈક્ષણિક, સામાજીક, સાંસ્કૃતિક તથા રમતગમત ક્ષેત્રની સિદ્ધિઓની વિગતો પણ ફોટોગ્રાફ સાથે મોકલવા વિનંતી. આપે મોકલેલા વિગતવાર સમાચારોને યથાયોગ્ય રીતે પ્રકાશિત કરવાનો અમારો પ્રયાસ રહેશે. **- તંત્રી મંડળ**

**વાદળો છે સાગરોનું રૂપ, જો સમજી શકો,**
**આંખ એ તો સ્વપ્નનું છે કૂપ, જો સમજી શકો,**
**વેદના, આનંદ, આંસુ, આહ, ઉન્માદે ભર્યો,**
**આ પ્રેમ એ તો પાંચમો છે વેદ, જો સમજી શકો.**
**- પ્રફુલ જોષી**


Exclusive Embroidery & Upto date Finishing
જ્યોતિ *Sachi Jari maate real nam*
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 83692 52836 Sunday Closed
Originally at Zaveri Bazar since 1976 Follow us on


U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS
AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS
COMMITMENT TO EXCELLENCE
OUR PRESENCE AT:
MUMBAI
JNPT
HAZIRA
KOLKATA
HALDIA
CHENNAI
KANDLA
MUNDRA
PIPAVAV
U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.
Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955
jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901
www.umkhona.com
CB: 11/189

દૃષ્ટિ કોણ

# ટેક્નોલોજીના ગુલામ બનતા પહેલા ચેતજો

ઍડ. કેતન મધુકાંત લોડાયા-કોઠારા (ગાંધીધામ), મો.:૯૮૭૯૫૨૨૬૪૨



સમય બચાવતા યંત્રોમાં જ સમય વધુ વેડફાય છે, ટેક્નોલોજીના પ્રભાવથી મનુષ્ય ગુલામી તરફ ધકેલાય છે.

આજે ૨૧ સદી છે જે જ્ઞાન વિજ્ઞાન અને ટેક્નોલોજીથી ભરપૂર છે અને આવનારી સદી તો ક્યાં જઇને અટકશે તે એક કલ્પના માત્ર જ છે. આંગળીના ટેરવે આખી દુનિયા જીતવા નીકળ્યા છીએ આપણે, પણ જેનાથી સમય બચાવી અને સ્માર્ટ કામ કરી શકાય તે જ યંત્રો પાછળ આપણે સમય તો નથી વેડફી રહ્યાં ને ?? ટેક્નોલોજીનો ઉપયોગ એ સારી વાત છે અને એને સમર્થન આપનારો વર્ગ પણ મોટો છે, પણ એના ઉપયોગ ઉપર નિયંત્રણ કરવું એ પણ જરૂરી છે.

નિષ્ણાતોનું એવું પણ માનવું છે કે, વિજ્ઞાન અને ટેક્નોલોજી સાથે જનરલ નોલેજ મેળવવા માટે આપણે સમયની સાથે અપડેટ રહેવું જરૂરી છે. ગુગલથી જોઈતી તમામ માહિતી તમારી જ માતૃભાષામાં મળી રહે છે અને મેડિકલ અને અજાણ બીમારીઓ પણ સમજી શકાય છે, મેડિકલ અવેરનેસની સાથે સેક્સયુઅલ એજ્યુકેશન અને ક્રાઇમ વિષયે આ યંત્રો કામના છે. Cashlessની સાથે paperlessનો સમય છે. ટેક્નોલોજીથી જ આજે આપણે મંગળ કે ચંદ્ર ગ્રહ ઉપર પહોંચી ગયા ને સૂર્યની નજીક ચક્કર લગાડીએ છીએ. ટેક્નોલોજીનો ઉપયોગ કરવો એ ગુનો નથી પણ અતિની ગતિ ના હોય, તેમ ક્યારે ને કેવી રીતે ટેક્નોલોજીનો ઉપયોગ કરવો એ વિચાર માંગી લે છે. સમય સાથે ચાલવું પડે એ વાત સાચી પણ સમય સાથે કેટલું ગુમાવ્યું એ ક્યાં કોઈને દેખાય છે. ટેક્નોલોજી એ સારા મિત્ર સમાન છે પણ મિત્ર જ ખોટા રસ્તે લઇ જાય એને સમયસર મૂકી દેવો જોઈએ અથવા સમજદારી વાપરી દૂર થવું વધુ હિતાવહ છે.

**યંત્રોએ મનુષ્યને ગુલામીની જંજીરમાં બાંધ્યા**

અંગ્રેજોની ગુલામીથી તો આઝાદ થયા એને ૭૫ થી વધુ વર્ષ થઇ ગયા પણ ટેક્નોલોજીની શોધ પછી આપણે ફરી એની ગુલામી તરફ ધકેલાઈ રહ્યા છીએ એ એક ચિંતાનો વિષય છે. આવનારા સમયમાં તો રોબોટને માનવી વચ્ચે અંતર જ નહિ રહે અને યંત્રો માનવીને રિમોટથી ચલાવશે એમાં બે મત નથી. આજનો મનુષ્ય સવારે આંખ ખોલતાની સાથે સ્ક્રીન સામે બેઠો હોય છે, મોબાઈલ હોય કે ઘરમાં TV, ઓફિસમાં લેપટોપ કે શાળામાં પ્રોજેક્ટરની સાથે તમામ બેન્ક કે કચેરીઓમાં સ્ક્રીનના ઉપયોગ વધી રહ્યો છે. બાળકોનો પણ કોરોના પછી ઓનલાઇન અભ્યાસ વધવા લાગ્યો અને ઓફિસના કામો 'વર્ક ફ્રોમ હોમ'માં પણ આખો દિવસ આપણે સ્ક્રીન સામે જ રહીએ છીએ. એક જમાનાના થીએટર મલ્ટિપ્લેક્સ થયા હતા અને હવે મલ્ટિપ્લેક્સ મોબાઈલમાં નેટફ્લિક્સમાં આવવા લાગ્યા છે. હવે તો એવી આદત પડી ગઈ છે કે સમય બચાવતા આ ગેઝેટ્સમાં આપણે સૌથી વધુ સમય બગાડી રહ્યા છીએ અને યંત્રોની ગુલામીની જંજીરમાં આખો દિવસ ભાગતા રહીયે તો પણ કામ પુરા થશે નહિ.

**ટેક્નોલોજીને રમકડાંની જેમ વાપરવા લાગ્યા.**

Digital Indiaના નેજા હેઠળ ભારત ટેક્નોલોજી ક્ષેત્રમાં હરણફાળ ભરી રહ્યો છે અને એક સુપર પાવર બનવા જઈ રહ્યો છે જે માટે દુનિયાથી એક કદમ આગળ વધવા અને મહાશક્તિ બનવા ટેક્નોલોજીનો ઉપયોગ જરૂરી છે અને તેનો સપ્રમાણ ઉપયોગથી જ સારા પરિણામ લઇ આવી શકાય. ટેક્નોલોજી એ આધુનિક વરદાન છે પણ મેન્યુઅલમાં આપેલ સૂચનાથી વિપરીત ઉપયોગ કરી એને આપણે શ્રાપિત કર્યો છે. એક સર્વે મુજબ ભારતનું યુવાધન સરેરાશ ૬ થી ૮ કલાક પોતાનો સમય આ યંત્રોમાં વેડફી રહ્યું છે અને યંત્રોના સારા ઉપયોગ કરતા તેને રમકડાંની જેમ વાપરી રહ્યો છે. આગ સાથે રમાય નહી તેમ આ યંત્રોનો નશો વિનાશ જ નોતરશે. એની પુરી માહિતી લીધા વગર એમાં ફસાતો જાય છે અને જાણતો હોવા છતાં પણ જે રીતે વપરાશ કરે છે, એ આગળ જતા એને હાનિકારક બની રહેશે, આર્થિક અને સામાજિક નુકશાની વેઠવી પડશે. સમય કરતા વહેલા બાળકો મોટા થવા લાગ્યા છે અને વધુ પડતો વિચાર કરવા લાગ્યા છે, તો આ યંત્રોમાં વયસ્કો પણ પાછળ નથી અને માનવીય લાગણી વગરના જડ યંત્ર બની રહ્યાં છે.

**મનુષ્યના ઉપર ગેઝેટ્સ હાવી થઇ ગયા**

હવે તો કોપી પેસ્ટનો તો એવો જમાનો આવ્યો છે કે વાંચન ક્ષમતા ઘટી રહી છે, હાથેથી લખવાનું જ આપણે ભૂલી રહ્યાં છીએ સાથે સાથે યાદશક્તિ પણ ઘટી રહી છે અને નાની નાની વાતો મોબાઈલમાં સાચવી રાખવી પડે છે

અને ક્યારેક password પણ યાદ રહેતા નથી. મગજ ખાલી થઇ રહ્યાં છે અને ફોન મેમરી ફૂલ થવા આવી છે. આજનો યુવા વર્ગને ઓવરલોડના લીધે માનસિક રીતે ગંભીર અસર થાય છે સાથે સાથે આંખોની રોશની ગુમાવી રહ્યાં છીએ અને શારીરિક અને માનસિક અપંગતા તરફ જઈ રહ્યાં છીએ. શારીરિક વિકાસ રૂંધાઈ જતા સમયથી પહેલા વૃધ્ધ થતા હોઈએ છીએ એવું મહેસુસ થવા લાગ્યું છે, અને આજકાલ તો શોર્ટ ટર્મ મેમરી લોસ તથા હાઈ ટેમ્પર જેવા લક્ષણ સામાન્ય છે. સાથે સાથે depression માં જઈ રહ્યાં હોય એવા યુવાઓની સંખ્યા વધી રહી છે.

**આવનારા સમયની કલ્પના પણ ના કરી શકાય**

ક્યાં છો, શું કરો છો ને શું વિચારો છો? તે બધું ટ્રેક થાય છે. દુનિયાને બતાડવાની લાહ્યમાં આપણી અંગત વિગતો પણ આપણે હેકર્સને પહોંચાડતા હોઈએ છીએ જેની નુકશાનીની ચુકવણી કેટલી કરવી પડશે એ તો કલ્પના માત્ર જ લાલબત્તી સમાન છે. હવે તો ટેક્નોલોજીનું લેવલ એ સ્થિતિએ પહોંચી ગયું છે કે AI એટલે કૃત્રિમ રીતે વિકસિત બૌદ્ધિક ક્ષમતા ધીમે ધીમે પગપેસારો કરી રહી છે અને એ આવ્યા પછી માણસ ઉપર યંત્રો કેટલા હાવી થઇ ગયા હશે અને તેના પ્રભાવથી સમય બચશે કે વધુ વેડફાશે અને મનુષ્ય પોતાને કેવી રીતે એની ગુલામીથી બચાવશે એ આવનારો સમય જ નક્કી કરશે!

સમય હંમેશા સારો હોય એ આપણા હાથમાં નથી. ક્યારેક તમારા ઉપર અચાનક કોઈ આર્થિક કે શારીરિક આફત આવશે ત્યારે તમારા ભલે લાખો ફોલવર્સ હશે અને સલાહ આપશે પણ સાથ તો પરિવાર અને સબંધી જ આપશે, અને એવા સમયમાં તમે એકલતા નહિ અનુભવો.

આપણા બાળકો ઉચ્ચ અભ્યાસ માટે કે નોકરી વ્યવસાય માટે બહાર હશે ત્યારે પણ તમને તમે જ વાવેલા લાગણીના છોડ વટવૃક્ષ બનીને તમને છાંયડો આપશે. આ વૃક્ષના ફળ મળતા રહેશે. ટેક્નોલોજીના યુગમાં કશું અઘરું નથી બસ આધુનિક યંત્રો આવ્યા બાદ કટાઈ ગયેલા સંબંધો ઓલવાય તે પહેલા, લાગણીરૂપી ઓઈલિંગ કરી. સંબંધો બંજર બને તે પહેલા તેમાં વાવેતર ચાલુ તો કરો, અને ખાલી વાતોનું વાવેતર કરવાથી લાગણીઓ લીલીછમ નહીં થાય પણ હૈયામાં સબંધો જોડાવવાની ખુશી હશે તો જ થશે. બસ એક પહેલ તો કરો, ઘી ઢોળાશે તો ખીચડીમાં. એક પ્રયાસ તો કરો, એક કદમ આગળ તો વધારો, સામેવાળો પણ એ સંબંધ બચાવવા બે કદમ જરૂર આગળ વધારશે અને સબંધોના મૂલ્યો ફરી આપોઆપ જીવંત થઇ જશે.

# પરબ શક્તિ સંજીવની સોસાયટી દ્વારા અનાજ - મસાલા વિતરણ

આપણી જ્ઞાતિની અગ્રગણ્ય મહિલા સામાજિક સંસ્થા; પરબ શક્તિ સંજીવની સોસાયટી દ્વારા એપ્રિલની ૩જી તથા ૪થીએ તેમના, છેલ્લા ૨૯ વર્ષથી લોકપ્રિય વાર્ષિક અનાજ તથા મસાલા વિતરણ પ્રકલ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી લખ લક્ષ્મી લુઠીયા વિવિધલક્ષી જન સહાય ફંડની પ્રેરણાથી, ઘાટકોપર પશ્ચિમના પરમ કેશવ બાગ ખાતેના આ કાર્યક્રમમાં જ્ઞાતિની મહિલાઓને સ્ટોલ વિનામૂલ્ય આપવામાં આવેલાં હતાં. હોલસેલ દર અને કવોલિટીનું સ્તર - આ બન્ને કારણોને લઈને પરબનો આ બારેય માસ ભરવા યોગ્ય ઘરની બનેલી સામગ્રીના સેલનો પ્રોજેક્ટ ખૂબ જ સફળ રહ્યો. પ્રકલ્પના બંને દિવસ દરમિયાન, પરંપરા અનુસાર પરબ દ્વારા પ્રતિભાગીઓને સ્ટોલ સાથે ભોજન તથા અલ્પાહાર પણ નિ:શુલ્ક આપવામાં આવ્યા હતા.

અમુક સ્ટોલ ધારકોએ પરબના સહાયતા અને સહયોગથી તેમની થયેલી પ્રગતિના કારણે પરબ પ્રત્યેના પોતાના હૃદયપૂર્વકના અહોભાવના પ્રતિકરૂપે ડોનેશન આપેલ.

